# 73

ગીર સોમનાથ અને આણંદ જિલ્લામાં ભરતીના પાણીથી થતી ખારાશ અટકાવવા બાબત

***15/4/2536** શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને આણંદ જિલ્લામાં દરીયાની ભરતીના કારણે કિનારાના ગામોની જમીનમાં વધતી જતી ખારાશ અટકાવવા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમના ક્યા કામો હાથ ધરવામાં આવ્યા,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પુર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે અને કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી કામો ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે **?**

**જવાબ**

(૧) જીલ્લો: ગીરસોમનાથ

| વર્ષ | ફાળવેલ રકમ(રૂ! લાખમા) |
|---|---|
| ૨૦૨૨ | ૧૩૪.૫૬ |
| ૨૦૨૩ | ૭૫.૯૨ |
| કુલ | ૨૧૦.૪૮ |

આણંદ જીલ્લામા દરીયાની ભરતીના કારણે કિનારાના ગામોની જમીનમાં વધતી જતી ખારાશ અટકાવવા કોઇ રકમ ફાળવેલ નથી.

(૨) અને (૩) ગીર સોમનાથ જીલ્લામા ગીર ગઢડા તાલુકામા રૂ! ૧૩૪.૫૬ લાખના ચેકડેમના કામો પૂર્ણ કરવામા આવેલ છે અને સુત્રાપાડા તાલુકામા રૂ! ૪૩.૪૬ લાખના એસ્કેપ કેનાલના કામો પૂર્ણતાના આરે છે.

આ ઉપરાંત સુત્રાપાડા,વેરાવળ અને કોડીનાર તાલુકામા આદ્રી બંધારા,વેરાવળ થી મુળ દ્વારકા ,ટી.આર સુધી સ્પ્રેડીંગ કેનાલના કામના (કન્સલ્ટન્સી ટેન્ડર રકમ રૂ! ૩૨.૪૬ લાખ) પ્રાથમિક નકશા/અંદાજો હાલ મંજુરી પ્રકીયા હેઠળ છે.

(૪) બાકી રહેતા કામો, નિયમોનુસાર મેળવવાની થતી વિવિધ વિભાગોની મંજુરીઓ મેળવી, નાણાકીય ઉપલબ્ધિ મુજબ તબકકાવાર પૂર્ણ કરવાનુ આયોજન છે

---------------